# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 13-01-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day : TUESDAY** **National News**

## આકાશવાણી સમાચાર સોનલ પરમાર વાંચે છે.

***************************************************

1. આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ કહ્યું કે જમ્મુ અને કાશ્મીરમાં શક્સગામ ખીણ અંગે ચીન અને પાકિસ્તાન વચ્ચે 1963માં થયેલો કરાર અમાન્ય
2. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે યુવાનોને શૈક્ષણિક ડિગ્રીઓથી આગળ વધવા 'વિકસિત ભારત' બનાવવાના મિશન માટે હાકલ કરી.
3. કેન્દ્રીય રાજ્યમંત્રી ડૉ. જીતેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે વિકસિત ભારત જી રામ જી કાયદો દરેક ગ્રામીણ પરિવારને 125 દિવસના રોજગારની ખાતરી આપે છે
4. કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું કે 'વિકસિત ભારત'નો માર્ગ સમૃદ્ધ અને આત્મનિર્ભર ગામડાઓમાંથી પસાર થાય છે.
5. સરકારના હસ્તક્ષેપ બાદ, મુખ્ય ડિલિવરી એગ્રીગેટર્સ 10-મિનિટ ડિલિવરી સમય મર્યાદા હટાવવા સંમત થયા છે.

……………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# Army Chief General

આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ જમ્મુ અને કાશ્મીરમાં શક્સગામ ખીણ પર ભારતના પ્રાદેશિક વલણનો પુનરોચ્ચાર કરતા કહ્યું કે ખીણ અંગે ચીન અને પાકિસ્તાન વચ્ચે  વર્ષ 1963માં થયેલો કરાર અમાન્ય છે. જનરલ દ્વિવેદીએ શક્સગામ ખીણ પર ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તાની ટિપ્પણી પર મીડિયાના પ્રશ્નનો જવાબ આપતા આ નિવેદન આપ્યું હતું.

આર્મી ચીફ આજે નવી દિલ્હીમાં પત્રકાર પરિષદને સંબોધતાં જણાવ્યું હતું કે ભારત પણ ખીણમાં કોઈપણ પ્રવૃત્તિને માફ કરતું નથી. ચીન સાથે વાસ્તવિક નિયંત્રણ રેખા પર પરિસ્થિતિ સ્થિર છે, પરંતુ સતત દેખરેખની જરૂર છે.

ઓપરેશન સિંદૂર અંગે, જનરલ દ્વિવેદીએ જણાવ્યું હતું કે તે ત્રણેય સેવાઓ વચ્ચે સંકલનનું ઉત્તમ ઉદાહરણ છે, જેમાં કાર્યવાહી અને પ્રતિભાવની સંપૂર્ણ સ્વતંત્રતા છે. તેમણે કહ્યું હતું કે ઓપરેશન ચાલુ છે અને દુશ્મન દ્વારા કરવામાં આવતી કોઈપણ નાપાક કાર્યવાહીનો અસરકારક રીતે સામનો કરવામાં આવશે.

----------

# AMIT SHAH ANAND CONVOCATION

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે યુવાનોને શૈક્ષણિક ડિગ્રીઓથી આગળ વધવા અને 2047 સુધીમાં 'વિકસિત ભારત' બનાવવાના મિશન માટે પોતાને સમર્પિત કરવા હાકલ કરી.

આણંદમાં ચારુસત યુનિવર્સિટીના 15મા દીક્ષાંત સમારોહને સંબોધતા શ્રી શાહે ભાર મૂક્યો કે 'અમૃત કાલ' દરમિયાન ભારતને વૈશ્વિક શ્રેષ્ઠતા સુધી પહોંચાડવાની જવાબદારી ફક્ત યુવા પેઢીના ખભા પર છે.

(BYTE- AMIT SHAH_ CONVOCATION)

શ્રી શાહે ભાર મૂક્યો કે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ સંશોધન અને કૌશલ્ય વિકાસને પ્રાથમિકતા આપીને ભારતને વૈશ્વિક 'જ્ઞાન મહાશક્તિ'માં ફેરવી રહી છે. તેમણે જણાવ્યું હતું કે ભારતના સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમે યુવાનોને રોજગાર સર્જકો બનવા માટે સશક્ત બનાવ્યા છે,

'આત્મનિર્ભર ભારત'ની સફળતા પર પ્રકાશ પાડતા, ગૃહમંત્રીએ સંરક્ષણ, અવકાશ અને ટેકનોલોજી ક્ષેત્રોમાં સીમાચિહ્નરૂપ સિદ્ધિઓ તરફ ધ્યાન દોર્યું. તેમણે સ્નાતક ઇજનેરો અને વૈજ્ઞાનિકોને રાષ્ટ્રીય સાર્વભૌમત્વને મજબૂત બનાવવા માટે આ મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં કેન્દ્રિત સંશોધન કરવા વિનંતી કરી. મંત્રીશ્રીએ વિદ્યાર્થીઓને તેમના સાંસ્કૃતિક વારસો અને માતૃભાષા પર ગર્વ રાખવો.

તેમણે વધુમાં કહ્યું કે આધુનિક શિક્ષણ અને પરંપરાગત મૂલ્યોનું મિશ્રણ એક મહાન નાગરિકની ઓળખ છે. સમારોહ દરમિયાન, 2 હજારથી વધુ વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરવામાં આવી હતી. ...2..



અને 45 પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને સુવર્ણ ચંદ્રકોથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

અગાઉ શ્રી શાહે ગાંધીનગરના પેથાપુર ખાતે BSL 4 પ્રયોગશાળા અને અમદાવાદમાં ફાર્માસ્યુટિકલ એકેડેમી ફોર ગ્લોબલ એક્સેલન્સ

(PAGE) માટે શિલાન્યાસ કર્યો હતો. તેમણે કહ્યું કે ભારતમાં બાયોટેકનોલોજીના ક્ષેત્રમાં અભૂતપૂર્વ વિકાસ થયો છે, જે દેશ માટે અપાર સંભાવનાઓ પ્રદાન કરે છે.

મંત્રીશ્રીએ ગાંધીનગરમાં તેમના વતન, માણસા ખાતે 267 કરોડથી વધુના વિવિધ વિકાસ કાર્યોનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ પણ કર્યો હતો.

----------

## JITENDRA – VB G RAMG

કર્મચારી, જાહેર ફરિયાદ અને પેન્શન રાજ્યમંત્રી ડૉ. જીતેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે વિકસિત ભારત જી રામ જી કાયદો દરેક નાણાકીય વર્ષમાં દરેક ગ્રામીણ પરિવારને 125 દિવસના પગારદાર રોજગારની ખાતરી આપે છે, જે અગાઉના 100 દિવસથી વધુ છે.

આજે નવી દિલ્હીમાં વિકસિત ભારત જી રામ જી પર એક પત્રકાર પરિષદને સંબોધતા શ્રી સિંહે જણાવ્યું હતું કે આ યોજના વાવણી અને લણણીની મોસમ દરમિયાન કૃષિ મજૂરોની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે કુલ 60 દિવસના કાર્યમુક્ત સમયગાળાની પણ જોગવાઈ કરે છે. તેમણે કહ્યું કે આ કાયદો વિવિધ જાહેર કાર્યોનો સંગમ છે, જે મુખ્યત્વે પાણી સુરક્ષા અને ગ્રામીણ માળખાગત સુવિધાઓ પર કેન્દ્રિત છે. શ્રી સિંહે ઉમેર્યું હતું કે ડિજિટલ થવાથી યોજના હેઠળ છેતરપિંડી કરનારા લાભાર્થીઓને રોકવામાં મદદ મળશે.

----------

# Guj- Shivraj Singh Chouhan

કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું છે કે 'વિકસિત ભારત'નો માર્ગ સમૃદ્ધ અને આત્મનિર્ભર ગામડાઓમાંથી પસાર થાય છે. આજે ગુજરાતના ભાવનગરના હણોલ ગામમાં આત્મનિર્ભર હનોલ મહોત્સવ-૨૦૨૬ ને સંબોધતા, મંત્રીએ 'હણોલ મોડેલ' ને ગ્રામીણ વિકાસમાં સામૂહિક પ્રયાસ અને નવીનતાના તેજસ્વી ઉદાહરણ તરીકે પ્રશંસા કરી. શ્રી ચૌહાણે પુનરોચ્ચાર કર્યો કે આવા મોડેલ ગામડાઓ ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાના રાષ્ટ્રીય દ્રષ્ટિકોણનો પાયો છે.

(BYTE – SHIVRAJSINH CHAUHAN)

મંત્રીએ ભાર મૂક્યો કે કેન્દ્ર સરકારની ટોચની પ્રાથમિકતા ઉત્પાદન ખર્ચ ઘટાડીને અને વાજબી બજાર ભાવ સુનિશ્ચિત કરીને ખેડૂતોની આવક વધારવાની છે.

મંત્રીએ ગ્રામીણ અર્થતંત્રમાં મહિલા સ્વ-સહાય જૂથોની મુખ્ય ભૂમિકા પર પણ પ્રકાશ પાડ્યો, નોંધ્યું કે જ્યારે મહિલાઓ આર્થિક રીતે સ્વતંત્ર હોય અને સ્થાનિક વિકાસ પહેલનું નેતૃત્વ કરે ત્યારે સાચી આત્મનિર્ભરતા પ્રાપ્ત થાય છે.

અમારા સંવાદદાતા અહેવાલ આપે છે કે હણોલમાં જન્મેલા કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાના સમર્પિત પ્રયાસો દ્વારા વિકસાવવામાં આવેલા આ ગામને આત્મનિર્ભરતા અને ગ્રામીણ પરિવર્તનના મોડેલ તરીકે રાષ્ટ્રીય સ્તરે ધ્યાન ખેંચ્યું છે. ત્રણ દિવસીય આત્મનિર્ભર હનોલ મહોત્સવનું ઉદ્ઘાટન આજે સવારે ભારતના સુપ્રસિદ્ધ ખેલાડી પીટી ઉષા દ્વારા કરવામાં આવ્યું હતું.

----------

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

## Government - 10-minute delivery

સરકારના હસ્તક્ષેપ બાદ, મુખ્ય ડિલિવરી એગ્રીગેટર્સ 10-મિનિટ ડિલિવરી સમય મર્યાદા હટાવવા સંમત થયા છે.

સરકારી સૂત્રોએ જણાવ્યું હતું કે ડિલિવરી સમય અંગેની ચિંતાઓને દૂર કરવા માટે બ્લિંકિટ, ઝેપ્ટો, ઝોમેટો અને સ્વિગી સહિતની મોટી કંપનીઓ સાથે એક બેઠક યોજાઈ હતી. આ બેઠકનો ઉદ્દેશ્ય ગિગ કામદારો માટે વધુ સલામતી, સુરક્ષા અને સારી કાર્યકારી પરિસ્થિતિઓ સુનિશ્ચિત કરવાનો છે. સૂત્રોએ જણાવ્યું હતું કે બેઠક બાદ, ઈ-કોમર્સ કંપની બ્લિંકિટે નિર્દેશનું પાલન કરીને તેના બ્રાન્ડિંગમાંથી 10-મિનિટ ડિલિવરી વચન દૂર

કર્યું છે. આગામી દિવસોમાં અન્ય એગ્રીગેટર્સ પણ આ નિર્ણયને અનુસરે તેવી અપેક્ષા છે.

----------

## TRUMP - IRAN

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી છે કે જે દેશો ઈરાન સાથે વેપાર ચાલુ રાખશે તેમણે અમેરિકા સાથેના વેપાર પર 25 ટકા ટેરિફ ચૂકવવો પડશે. દેશભરમાં સરકાર વિરોધી વિરોધ પ્રદર્શનો પર ઘાતક કાર્યવાહી બાદ અમેરિકાએ દબાણ વધાર્યું હોવાથી આ પગલું લેવામાં આવ્યું છે. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી ટ્રમ્પે કહ્યું કે આ નિર્ણય તાત્કાલિક અમલમાં આવશે.

----------

## Jammu and Kashmir - Terrorism

જમ્મુ અને કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિંહાએ પ્રતિબંધિત આતંકવાદી સંગઠનો સાથે કથિત સંબંધો બદલ પાંચ સરકારી કર્મચારીઓને બરતરફ કરવાનો આદેશ આપ્યો છે.

આકાશવાણી જમ્મુના સંવાદદાતાના જણાવ્યા અનુસાર, બરતરફ કરાયેલા કર્મચારીઓમાં એક સરકારી શિક્ષક, એક લેબોરેટરી ટેક્નિશિયન, એક સહાયક લાઇનમેન, વન વિભાગનો કર્મચારી અને આરોગ્ય અને તબીબી શિક્ષણ વિભાગનો ડ્રાઇવર શામેલ છે. શ્રીનગરની સેન્ટ્રલ જેલમાં

બંધ ડ્રાઇવરની ઓળખ હિઝબુલ મુજાહિદ્દીનના ઓવરગ્રાઉન્ડ વર્કર તરીકે થઈ છે જે પાકિસ્તાન સ્થિત હેન્ડલર સાથે સતત સંપર્કમાં હતો.

----------

## Prime Minister - Condolences

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પ્રખ્યાત અભિનેતા અને સંગીતકાર પ્રશાંત તમાંગના નિધન પર ઊંડો શોક વ્યક્ત કર્યો છે. શ્રી તમાંગના પત્ની શ્રીમતી માર્થા આલે તમાંગને સંબોધિત તેમના શોક સંદેશમાં, પ્રધાનમંત્રીએ કહ્યું કે પ્રશાંત તમાંગે મનોરંજન જગતમાં પોતાના માટે એક અનોખું સ્થાન બનાવ્યું હતું. શ્રી મોદીએ કહ્યું કે શ્રી તમાંગનું જીવન અને સિદ્ધિઓ અસંખ્ય લોકોને પ્રેરણા આપતી રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે પશ્ચિમ બંગાળના દાર્જિલિંગના રહેવાસી 43 વર્ષીય પ્રશાંત તમાંગનું રવિવારે દિલ્હી સ્થિત તેમના ઘરે હૃદયરોગના હુમલાથી અવસાન થયું હતું.

----------

## Iran - Death toll

ઈરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચીએ જણાવ્યું છે કે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ હસ્તક્ષેપના વિકલ્પો પર વિચાર કરી રહ્યા છે ત્યારે ઈરાન અમેરિકા દ્વારા કોઈપણ કાર્યવાહી માટે તૈયાર છે.

શ્રી અરાઘચીએ જણાવ્યું હતું કે ઈરાનની તૈયારીઓ ગયા જૂનમાં ઈરાન પર અમેરિકન લશ્કરી હુમલાઓ કરતાં ઘણી વધારે છે. અગાઉ, અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને ઈરાનમાં ઉપયોગમાં લેવાતા ગુપ્ત અને લશ્કરી સાધનો વિશે માહિતી આપવામાં આવી હતી.

દરમિયાન, ઈરાનમાં સરકાર વિરોધી વિરોધ પ્રદર્શનો પર કાર્યવાહીમાં હજારો લોકોના મોતની આશંકા છે. એક સમાચાર એજન્સીએ ઈરાની સુરક્ષા અધિકારીને ટાંકીને જણાવ્યું હતું કે મૃત્યુઆંક 2 હજારની આસપાસ હોઈ શકે છે. નબળી આર્થિક સ્થિતિને કારણે આ અશાંતિ ઓછામાં ઓછા ત્રણ વર્ષમાં ઈરાની અધિકારીઓ માટે સૌથી મોટો આંતરિક પડકાર રહ્યો છે.

----------

## CDS-NCC Republic Day Camp

ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફના વડા જનરલ અનિલ ચૌહાણે મજબૂત અને સુરક્ષિત ભારત બનાવવા માટે યુવાનોની સક્રિય ભાગીદારીના મહત્વ પર ભાર મૂક્યો. આજે નવી દિલ્હીમાં આયોજિત રાષ્ટ્રીય કેડેટ કોર્પ્સ પ્રજાસત્તાક દિવસ શિબિરને સંબોધતા, ચૌહાણે યુવાનોને રાષ્ટ્રવાદની ભાવનાને આત્મસાત કરવા અને રાષ્ટ્રના લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે ઉદ્દેશ્યો નક્કી કરવા હાકલ કરી.

સશસ્ત્ર દળોની ભૂમિકા પર પ્રકાશ પાડતા, જનરલ ચૌહાણે ભારતીય સશસ્ત્ર દળોને સૌથી આદરણીય અને સન્માનિત વ્યવસાયોમાંનો એક ગણાવ્યો.

----------